## || ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ અનન્તનુતકર્તણે નમ: || (૫૫)

## જેમની અખંડ સ્તુતિ થાય છે એવા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાને નારદમુનિને કહ્યું છે કે –

મદભક્ત યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ ||

એનો ભાવાર્થ એવો કે, જ્યાં જ્યાં મારા ભક્તો મારી સ્તુતિ ગાય છે, ત્યાં ત્યાં હું ઉપસ્થિત હોઉં છું.

સ્વામી કહે છે કે-"મારા આનંદ માટે મેં વિશ્વનું નિર્માણ કર્યું. તેમાં પર્વત, નદી, પૃથ્વી, આકાશ, મહાસાગર, સમુદ્રપ્રદેશ અને ટાપુઓની રચના કરવામાં આવી. સૂર્ય, ચંદ્ર અને રણ નિર્માણ કર્યું. પછી જીવોની ઉત્પત્તિ થઈ જેમાં માનવને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું. આ માનવના મનમાં મારા વિશે જ્ઞાન મૂકવામાં આવ્યું."

ઈશ્વર વિશેનું જ્ઞાન મનમાં હોવાથી માનવ તે ક્ષણથી જ તેની સ્તુતિ કરવા લાગ્યો. ઈશ્વરની સ્તુતિ કરવાથી તે પ્રસન્ન થાય છે, એની તેને ખબર પડી. 'દેવાનામ્ પ્રિય સ્તુતિ ' આ વચન પ્રમાણે તે ક્ષણથી જ ભગવાનનું અખંડ સ્તવન શરૂ થયું અને તે આમ જ અખંડ ચાલુ રહેવાનું છે.

ભગવાનની ભક્તિ (ભક્તિયુક્ત) માર્ગમાં સાધનાના (આરાધના) જે ૯ પ્રકાર કહ્યા છે, તેમાંનો બીજો પ્રકાર છે કીર્તનમ-એટલે ગાયન. આ ગીત એટલે ભગવાનની સ્તુતિનું ગાયન કરવું. જેનાથી ભગવાનની આપણા પર પૂર્ણ કૃપા થઈને આ ભવસાગર પાર કરવો સરળ થાય છે. આ વાત ભક્તોએ જાણી કીર્તનને નવધા ભક્તિમાં બીજું સ્થાન પ્રાપ્ત થયું.

ભગવાનના સ્તવનનું મહત્ત્વ ભકતોના ધ્યાનમાં આવે, એ હેતુથી સ્વામીએ બાળપણમાં જ ' પંઢરી ભજન મંડળ" ની સ્થાપના કરી હતી. પુટ્ટપર્તિના બાળકોને ભેગા કરીને તેમને ભગવાનના વિવિધ રૂપોના ભજન શીખવ્યા. હાથમાં ખંજરી, પગમાં ઝાંઝર અને ખભે ધજા (પતાકા) લઈને આ 'પંઢરી ભજન મંડળી' પુટ્ટપર્તિમાં ભગવાનનું કીર્તનકરતાં કરતાં ફરતી રહેતી. આનાથી કેવળ પુટ્ટપર્તિ જ નહીં, પરંતુ આજુબાજુના ગામની વડીલ વ્યક્તિઓના મનમાં પ્રથમ કુતૂહલ નિર્માણ થયું અને પછી ભક્તિ ભાવ જાગૃત થયો.અનેક ગામોમાંથી આ ભજન મંડળીને ભજનો ગાવા માટે આમંત્રણ આવવાં લાગ્યાં. જે ગામમાં ભજનનો કાર્યક્રમ થયો, તે ગામમાં ચેપીરોગ ફેલાયા નહીં.

ભગવાનના સ્તવનનો, નામસ્મરણનો અને ભજન ગાયનનો આ સહજ સહેલો માર્ગ સ્વામીએ આપણને ઉપલબ્ધ કરી આપ્યો છે. જે વિશ્વના લાખો ભક્તો આજે અનુસરે છે. જ્યાં ભગવાનની સ્તુતિ (સ્તવન) થાય છે, ત્યાં તેમની ઉપસ્થિતિ હોય છે, એ સાબિત કરતી મુંબઈની આ એક કથા.

સ્વામીના એક ભક્ત પતિ-પત્ની (દંપતી) ને એકવાર મનમાં વિચાર આવ્યો કે, આપણે ઘણી જગ્યાએ સ્વામીના જ્યાં ભજન થાય છે ત્યાં જઈએ છીએ તો એકવાર આપણે ઘરે ભજનનો કાર્યક્રમ રાખવો. આ હેતુથી, ગુડ ફ્રાયડેના દિવસે બધાને રજા હોવાથી તે દિવસ ભજન માટે નક્કી કર્યો. બધાને નિમંત્રણ મોકલ્યાં. ઘણા ઉત્સાહથી ભજનની અને ત્યાર પછીના મહાપ્રસાદની તૈયારીઓ કરી. સાંજે બધા ભેગા થયા. ભજન શરૂ થયા અને અચાનક એક ફોટા પરનો હાર હલવા લાગ્યો. જેમ જેમ ભજને વેગ પકડ્યો તેમ તેમ તે હાર વધુ હલવા લાગ્યો. તે ફોટો એવો હતો, જેમાં પ્રશાંતિનિલયમનું ચિત્ર હતું અને તેના આંગણામાં સ્વામી ઊભા હતા. અચાનક એક નાની બાળકીએ બૂમ પાડી -“સ્વામી!” તેની માતાએ તેને શું થયું એમ પૂછતા તે બોલી-“આ જો, સામે સ્વામી ઊભા છે.” ક્યાં છે એમ પૂછતા તેણે સામે આંગળી ચીંધી. એટલું જ નહી, પણ જે ફોટા પરનો હાર હલતો હતો તે ફોટામાંથી તે બહાર આવીને અહીંયાં ઊભા હતા. એ જોઈને બધાને આશ્ચર્ય થયું. જયાં સુધી તે બાળકીને સ્વામી દેખાતા હતા, ત્યાં સુધી તે ફોટા પરનો હાર હલતો હતો. જ્યારે સ્વામી અંતધ્યાન પામ્યા ત્યારે તે હલતો બંધ થયો.

નારદમુનિ કહે છે – ‘ઈશ્વરના નામનું અખંડ ચિંતન કરવાથી ભક્તિનો અખંડિત પ્રવાહ ઉદભવે છે. જે સર્વોચ્ચ ભક્તિથી આકંઠ ભરાયેલો હોય છે. તેનાથી ભક્ત પોતાનું દેહભાન ભૂલીને ઈશ્વરના પ્રેમમાં પૂર્ણરૂપે મગ્ન થાય છે.’

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||